## સી.એમ.એ નંબર–૮૭ સને ૨૦૨૫

## ::આંક–૧ લગત હુકમ ::

(૧) સદર કામના અરજદારો ધ્વારા ગાંધીનગરના મહેરબાન એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબ ધ્વારા એલ.એ.આર નંબર : ૧૧/૨૦૧૩ ના કામે કરવામાં આવેલ એવોર્ડ સામે દાખલ થયેલ ફસ્ટ અપીલ નંબર :–૬૦૪/૨૪, માં સ્ટેસની સીએ.૧/૨૦૨૩ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટે એફ.એ. નંબર :–૬૦૪/૨૦૨૪ તથાના કામે સી.એ.નંબર–:૦૧ –૨૦૧૯ ના સામાવાળા નંબર:–૨ નાએ જમા કરેલ રકમ માંથી અરજદારને ૬૦% રકમ ઉપાડવા માટે મંજુરી આપતો હુકમ તારીખ :–૧૩/૦૨/૨૦૨૫ના રોજ થયેલ છે તે હુકમ મુજબ રકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

૨) સદરહું અરજી બાબતે સામાવાળા નંબર–૧ તરફે વિ.વ.શ્રી ડી.જી.પીશ્રીએ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ યોગ્ય હુકમ કરવા આંક–૮ થી પુરશીસ રજુ કરવામાં આવેલ છે જે વં ચાણે લીધો. જયારે સામાવાળા–ર ને નોટીસ બજવા છતા હાજર થયેલ નથી. સદર કામે અરજદારો તરફે રજુ દસ્તાવેજો અને અંડરટેકીંગ વંચાણે લીધુ.

૩) સદર કામે અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ સદર કામે રેકર્ડ જોતા આંક–૧ નીચે નાઝરશ્રીનો નીચે મુજબનો રીપોર્ટ છે.

- નાઝરશ્રીનો રીપોર્ટ છે કે,
- સદર કેસના કામે અત્રેની કચેરી ખાતે સીવીલ–સી–: ૧૦૮ થી તારીખ ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ અંકે રૂપિયા : ૨,૦૮,૮૫,૩૦૭ (અંકે રૂપિયા:– બે કરોડ આઠ લાખ પંચાસી હાજર ત્રણસો સાત પુરા) જમા થયેલ છે. જે રકમ ની તારીખ : ૦૮/૦૪/૨૦૨૪ ના રોજ ઈન્ડીયન બેંક ખાતે એફ.ડી કરવામાં આવેલ છે.

૪) સદર કામે નામદાર ગુજરાત હોઈકોર્ટ ધ્વારા સીવીલ એપ્લીકેશન નંબર–: ૦૧/૨૦૨૩ ઈન ફસ્ટ અપીલ નંબર–:–૬૦૪/૨૦૨૪ ના કામે તારીખ૧૩/૦૨/૨૦૨૫ રોજ કરાયેલ હુકમ પેરા–૦૩ માં અવલોકન કરેલ છે કે –" The opponent/s – land owner/s is/are permitted to withdraw 60% of the amount so deposited by the applicants –appellants and 40% of the amount be invested in cumulative Fixed Deposit Receipt with a nationalized bank initially for a period of five years

and to be renewed from time to time till the final disposal of the appeal. The original Fixed Deposit Receipt be retained by the Nazir of the Reference Court.

Accordingly, present civil application stands disposed of.

૫) આમ, સદર કામે રેકર્ડ જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સદરહુ રેફરન્સના આધારે થયેલ હુકમ મુજબના વળતરની રકમમાંથી ૬૦% રકમ વ્યાજ સહીતની અરજદારોને નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસાર ચુકવણી કરવા હુકમ કરવો ન્યાયોચિત જણાતુ હોય અરજી લગત નીચે મુબજ હુકમ કરવામાં આવે છે.

હુકમ ::

૧) આથી અરજદારોની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨) આથી નાઝરશ્રી, સીવીલ કોર્ટ, ગાંધીનગરનાઓએ હાલના કામે એફ.ડીની તોડી જમા રકમ પૈકીની ૬૦% રકમની એફ.ડી. તોડી વ્યાજસહ નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર અરજદારોને તેમના વતી કલેમન્ટ નંબર–૨ કેતનકુમાર જયંતિલાલ પટેલ તથા કલેમેન્ટ નંબર ૩ મુનેશભાઈ જયંતિભાઈ પટેલના નામનો ચેકથી યોગ્ય વેરીફીકેશન કરી ચુકવી શરખા હિસ્સે ચુકવી આપવી અને બાકીની ૪૦% રકમ નામદાર હાઈકોર્ટના હુકમ અનુસાર ફીકસ ડપોઝીટ કરવા યોગ્ય કાર્યવાહી કરવી

- હુકમ આજરોજ તા.૧૮–મી,એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ફેશલ કરવામાં આવે છે.
-

Place: Gandhinagar.
Date: 18 -04 -2025

RohitKumar Vijlalbhai Limbachiya]
4th Additional Chief Judicial Magistrate,
Gandhinagar. GJ01153

- The opponent/s – land owner/s is/are permitted to
- withdraw 50% of the amount so deposited by the applicants –
- appellants and 50% of the amount be invested in cumulative
- Fixed Deposit Receipt with a nationalized bank initially for a
- period of five years and to be renewed from time to time till
- the final disposal of the appeal. The original Fixed Deposit
- Receipt be retained by the Nazir of the Reference Court.
- Accordingly, present civil application stands disposed of.